BAOU Education for All
NAAC A++
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# પછાતપણાના માપદંડો – સમાજશાસ્ત્રીય વિશ્લેષણ

**ડૉ. જયેશ પરમાર**

આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર,

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

અમદાવાદ

jayesh.parmar@baou.edu.in

**સારાંશ**

સમગ્ર વિશ્વ વિકાસ તરફ ગતિ કરી રહ્યો હોવા છતાં, સદીઓથી માનવ સમાજના કેટલાક જૂથો શોષણ, દમન, હિંસા અને અન્યાયનો ભોગ બનતા રહ્યા છે. જેના પરિણામે ભોગ બનનાર જૂથો સામાજિક, આર્થિક, શૈક્ષણિક, રાજકીય, સાંસ્કૃતિક રીતે ગરીબ અને પછાત રહ્યા છે. સમાજ સુધારકો, સરકારી કલ્યાણકારી યોજનાઓ તથા અનામત વ્યવસ્થાને પરિણામે લોકોની ગરીબી, બેકારી અને કંઈક અંશે સામાજિક-સાંસ્કૃતિક ભેદભાવો દુર થઈ શક્યા છે. ભારતીય સમાજ એક એવો સમાજ છે જ્યાં બિન સાંપ્રદાયિકતા, સમાનતા, સ્વતંત્રતા, બંધુતા વગેરે જેવા માનવીય મુલ્યોનું પાલન થતું હોવા છતાં બે વર્ગો - એક ઉચ્ચ મુડીવાદી વર્ગ અને બીજો પછાત ગરીબ-મધ્યમ વર્ગ વચ્ચે ઊંડી ખાઈ જોવા મળે છે. પ્રસ્તુત લેખમાં સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી પછાતપણાનો અર્થ તથા આધુનિક ભારતીય સમાજમાં પછાતપણાનો માપદંડ શું હોઈ શકે તે તપાસવું અત્યંત જરૂરી છે. પછાતપણા વિશે સમાજશાસ્ત્રી આઈ.પી. દેસાઈએ સમગ્ર સમાજને વિચાર-વિમર્શ કરવા તત્પર બનાવી દિધા હતા, ત્યારે આ જ પ્રશ્નને ધ્યાનમાં રાખીને પછાતપણાના માપદંડને સમાજ વ્યવસ્થા સાથે સાંકળવાનો પ્રયત્ન પ્રસ્તુત લેખમાં કરેલ છે.

**ચાવીરૂપ શબ્દો :-** જ્ઞાતિ, પછાતપણું, સામાજિક માપદંડ, સમાજ

- **પ્રસ્તાવના-:**

જ્ઞાતિના ઈતિહાસ અને વિકાસ વિશે ઘણું સાહિત્ય લખાયેલું છે. જ્ઞાતિ વ્યવસ્થાની અસમાનતાથી સમાજ છિન્ન ભિન્ન થાય છે. પરિણામે ઘણી કોમોમાં પછાતપણું જોવા મળે છે. પછાતપણાનાં પ્રશ્નનો એવી રીતે અભ્યાસ કરવો જોઈએ કે જેને પરિણામે જ્ઞાતિપ્રથાના અનિષ્ટો નાબૂદ થાય અને તમામ લોકોને સુખ, પ્રગતિ અને શાંતિમય જીવન જીવવાની તકો મળી રહે. આ પ્રકારનો અભ્યાસ કરતી વખતે જ્ઞાતિઓનો આર્થિક, સામાજિક, શૈક્ષણિક, રાજકીય વગેરે તમામ પાસાઓને ધ્યાનમાં લેવા જોઈએ. સાથે-સાથે સામાજિક પછાતપણું નક્કી કરતા માપદંડો લાગુ થયા તે પછીથી

વર્તમાન સુધી આ જૂથોને કેટલો લાભ થયો છે અને તેની અસર શું છે, એ સંદર્ભોને પણ તપાસવા જરુરી છે.

❖ પછાતપણું – અર્થ અને પરિભાષા-:

ભગવદ્ ગોમંડળ અનુસાર સંસ્કૃત શબ્દ ‘પશ્ચાત’ પરથી પછાત શબ્દ આવ્યો છે. પછાત શબ્દના ઘણા બધા અર્થ થાય છે, જેમ કે, પહેલું પાછળ રહી ગયેલુ, પાછળનું, બીજું બિન કેળવાયેલ, બિનસુધરેલ, અવિદ્વાન અને ત્રીજું જોઈએ તો, પછાતપણું એ કોઈ વ્યક્તિ અથવા જૂથ દ્વારા ઉન્નતિના કેટલાક કથિત સાંસ્કૃતિક ધોરણોમાં પ્રગતિનો અભાવ છે. અન્ય પછાત વર્ગોમાં હિન્દુઓની પછાત જ્ઞાતિઓ તેમજ મુસ્લિમ અને ખ્રિસ્તી ધર્મના કેટલાક સમૂહોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સમગ્ર ભારતમાં અન્ય પછાત વર્ગોનું પ્રમાણ કુલ વસ્તીના 51 ટકા છે.

ભારતના બંધારણના અનુચ્છેદ 15 (4) માં અન્ય પછાત વર્ગોનો ઉલ્લેખ 'નાગરિકોના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો' તરીકે કરવામાં આવે છે.

કેમ્બ્રિજ ડીક્ષનરી (Cambridge Dictionary) મુજબ, ‘પછાતપણું એટલે અદ્યતન ન હોવાની, અથવા આધુનિક પદ્ધતિઓ, તકનીક અથવા મશીનોનો ઉપયોગ ન કરવાની સ્થિતિ.’

❖ **પછાતવર્ગો માટે પંચની જોગવાઈ**

બંધારણની કલમ 340 મુજબ ભારતના પ્રદેશમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોની સ્થિતિ તથા તેમને પડતી મુશ્કેલીઓની તપાસ કરવા અને તેના નિવારણ માટે તથા તેમની સ્થિતિ સુધારવા માટે સંઘ તથા રાજ્યએ યોગ્ય પગલા ભરવા જોઈએ.

ભારતમાં પછાતવર્ગો માટે બે પંચોની નિમણુંક કરવામાં આવી હતી. પ્રથમ પંચ કાલેલકરની અધ્યક્ષતામાં 1953માં નીમાયું હતું. બીજું પંચ શ્રી બી.પી. માંડલની અધ્યક્ષતા હેઠળ 1978માં નીમાયું હતું. ગુજરાત રાજ્યમાં વિવિધ પંચોનું પછાત વર્ગોની યાદી માટે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમ ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી એ.આર.બક્ષીની અધ્યક્ષતા હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેના પંચ(બક્ષી પંચ)ની રચના 1972માં કરવામાં આવી. 1981માં ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ સી.વી.રાણેની અધ્યક્ષતામાં પછાત વર્ગો માટે રાણેપંચની રચના કરવામાં આવી.રાણે પંચની ભલામણને આધારે પછાતવર્ગોને નોકરીઓમાં પ્રવેશવાની ઉંમરમાં પાંચ વર્ષની છૂટછાટ આપવાનું સરકારે સ્વીકાર્યું. આવક મર્યાદામાં 40,000 માંથી ઘટાડીને 10,000 કરવામાં આવી. આ પંચોની ભલામણ અનુસાર ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિઓની યાદીમાં 30, અનુસૂચિત જનજાતિઓના 29, વિચરતી જાતિઓમાં 25, વિમુક્ત જાતિઓની યાદીમાં 12, વિકસતી જાતિઓ (બક્ષીપંચ)ની યાદીમાં 127 અને લઘુમતી કોમોની યાદીમાં 5નો સમાવેશ થાય છે.

❖ **ભારતીય સમાજ અને પછાતપણું-:**

બિનસાંપ્રદાયિક ભારતીય સમાજમાં અનેકવિધ જાતિ, જ્ઞાતિ અને પેટા જાતિના સમૂહો વસવાટ કરે છે. પરંતુ ઉચ્ચ અને મધ્યમ વર્ગ સિવાયની મોટાભાગની જ્ઞાતિઓ પછાત છે, તેમ કહી શકાય. ભારતીય બિનસાંપ્રદાયિક સમાજમાં અનેકવિધતા અને જાતિગત અસમાનતાને કારણે છુઆછૂતનો ભેદભાવ, સ્પૃશ્ય-અસ્પૃશ્યતા જોવા મળે છે. આ સંદર્ભે, ડૉ. બાબાસાહેબ આંબેડકર 'રાજ્ય અને લઘુમતી' (State and Minorities)માં નોંધે છે કે, "માનવીઓની દુનિયામાં પણ, જેની સાથે પશુવાદી વર્તન કરવામાં આવ્યું હતું. બધા હિંદુઓ પાલતુ પ્રાણીઓને ખૂબ પ્રેમથી સ્પર્શ કરતા, કીડીને ખાંડ આપતા. આમાં કંઈ ખોટું નહોતું, પણ તેઓ પોતાના સ્વ-ન્યાયી દલિત ભાઈઓના સ્પર્શથી અશુદ્ધ થઈ જતા હતા (Ambedkar : 1947). જો કે, પછાત જ્ઞાતિઓને સમકક્ષ હરોળમાં લાવવા માટે સરકારી અને સ્વૈચ્છિક પ્રયત્નો થઈ જ રહ્યા છે. ભારતીય સમાજમાં જે પછાત સમૂહો વિકાસના લાભોથી વંચિત રહી ગયેલા છે. તે જાણવું ખુબજ જરૂરી છે. જે જ્ઞાતિ અને જાતિના સમૂહોનો સામાજિક, આર્થિક, શૈક્ષણિક, રાજકીય વિકાસ હજુ સુધી થયો નથી તેવા સમૂહોનો સમાવેશ પછાત સમૂહોમાં કરવામાં આવે છે. આ સમૂહોના વિકાસ માટે ભારત સરકાર દ્વારા અવાર નવાર પ્રયત્નો કરવામાં આવે છે. છતાં પણ હજુ સુધી જે છેવાડાના સમૂહો છે તેમના સુધી જરૂરી લાભ પહોંચી શક્યા નથી. વર્તમાન સમયમાં પછાતપણું નક્કી કરવાના માપદંડો બદલાવવા ખુબ જરૂરી છે. આઈ.પી.દેસાઈ એ આપેલ પછાતપણા ના માપદંડો ઉપરાંત આવક, વ્યવસાયની આવક, મકાન અને જમીન તેમજ અન્ય ભૌતિક સાધનોને પણ ધ્યાનમાં લેવા જોઈએ.

❖ **પછાતપણું નક્કી કરવાના માર્ગદર્શક ધોરણો**

1. હિંદુ સમાજની જ્ઞાતિની પરંપરાગત ઉચ્ચનીચતાની શ્રેણીમાં નીચલો સામાજિક દરજ્જો
2. જ્ઞાતિ કે કોમના મોટા ભાગના લોકોમાં સામાન્ય શૈક્ષણિક પ્રગતિનો અભાવ
3. સરકારી નોકરીઓમાં પ્રતિનિધિત્વ અપૂરતું અથવા સાવ નહીં
4. વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગનાં ક્ષેત્રમાં અપૂરતું પ્રતિનિધિત્વ (પેજ.ન-૬૧)

❖ **સામાજિક પછાતપણું**

સામાજિક પછાતપણામાં સંખ્યાબંધ પરિબળો ભાગ ભજવે છે. સામાજિક પછાતપણું, ખામીભરી સમાજવ્યવસ્થા, કથળેલી અથવા જડ અપ્રગતિશીલ સમાજપ્રથાઓ, જૂના રિવાજો ને ચીપકી રહેવું, જીવનના પ્રણાલીગત તરીકા અને વ્યવસાય તથા અન્ય પ્રકારની સામાજિક રહેણીકરણીને કારણે છે. દા. ત. એક જૂથ અથવા કોમને, વારંવાર વસવાટ બદલવો પડે. એવા વ્યવસાયને કારણે ભટકતું જીવન જીવવા ટેવાઈ ગયેલ હાવાને પરિણામે કેટલીક સાંસ્કૃતિક અસરો ઝીલવાનો અવકાશ ઓછો રહે છે. ઉદાહરણ તરીકે વણજારા જ્ઞાતિનો ઉલ્લેખ કરી શકાય. તેઓ એક સ્થળેથી બીજે સ્થળે ભટકતા હોઈ એમની જરૂરિયાત સ્વાભાવિકપણે ઘણી ઓછી રહેવાની. એક જ સ્થળે કાયમી વસવાટના અભાવે એમનાં બાળકોને શિક્ષણની કોઈ તક મળી શકે નહિ. સંવિધાનની કલમ ૧૫(૪)માં સામાજિક પછાતપણા અંગેનો ખાસ ઉલ્લેખ હોવા છતાં, સંવિધાનમાં આ શબ્દની કોઈ વ્યાખ્યા આપવામાં આવી

નથી. "સામાજિક પછાતપણું" શબ્દનો વિસ્તૃત અર્થ થાય છે અને તેમાં સામાજિક જીવનને સ્પર્શતાં અનેકવિધ પાસાંનો સમાવેશ થઈ શકે. પરંતુ વ્યાવસાયિક, શૈક્ષણિક વગેરે પાસાંની અલગ તારવણી કરી છે.

❖ **શૈક્ષણિક પછાતપણું**

સામાજિક પછાતપણાનું એક નિર્ણાયક પરિબળ નિરક્ષરતા છે. શૈક્ષણિક હકોની અપ્રાપ્યતા અને બાળકોમાં શિક્ષણનું નીચું સ્તર સામાજિક પછાતપણું કાયમી બનાવવા તરફ આગળ ધપે છે. સામાન્ય રીતે બીજા વિકસિત દેશોના અક્ષરજ્ઞાનના ધોરણની તુલના કરીએ ત્યારે ભારતમાં અક્ષરજ્ઞાનની ટકાવારી ઓછી છે. કોમ અથવા જૂથમાં પ્રવર્તતા અક્ષરજ્ઞાનની ટકાવારીથી શૈક્ષણિક દ્રષ્ટિએ પછાતપણાનું માપ નીકળી શકે.

પછાત વર્ગોમાં અલ્પ પ્રમાણમાં અક્ષરજ્ઞાન હોવા માટેનાં ઘણાં કારણો છે. મુખ્ય કારણો ટૂંકમાં નીચે પ્રમાણે ગણી શકાય :

1. પરંપરાગત વ્યવસાય કે જેમાં કોઈ પ્રકારના ખાસ શિક્ષણની જરૂર પડતી નથી.
2. સામાજિક પરિસ્થિતિને કારણે શિક્ષણ માટેની પરંપરાગત ઉદાસીનતા.
3. પેઢીગત વ્યવસાયના કૌશલ્યની પ્રાપ્તિ.
4. ગરીબી તેમ જ કુટુંબની ઉપાર્જનશક્તિમાં બાળકોના ફાળાની જરૂરિયાત.
5. વ્યવસાયનો પ્રકાર.
6. માતાપિતાની નિરક્ષરતા

એ પછીનો પ્રશ્ન એ છે કે શૈક્ષણિક પછાતપણું નક્કી કરવામાં કયું ધોરણ અપનાવવું જોઈ એ. સામાન્ય રીતે જોતાં આ માટે ધ્યાનમાં લેવા જેવી હકીકતો નીચે પ્રમાણે છે:

1. રાજ્યમાં અક્ષરજ્ઞાનનું સામાન્ય ધોરણ.
2. રાજ્યમાં અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓમાં અક્ષરજ્ઞાનનાં ધોરણ અને ટકાવારી.
3. વિચારણા હેઠળના ચોક્કસ વર્ગ/જ્ઞાતિ/જૂથમાં અક્ષરજ્ઞાનનાંધોરણો અને ટકાવારી.
4. વિચારણા હેઠળનાં ચોક્કસ વર્ગ/જ્ઞાતિ/જૂથમાં માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ સંબંધી શૈક્ષણિક ધોરણ.
5. વિચારણા હેઠળનાં ચોક્કસ વર્ગ/જ્ઞાતિ/જૂથની મહિલાઓમાં અક્ષરજ્ઞાન અને શિક્ષણ સંબંધી સ્થિતિ.

❖ **આર્થિક રીતે પછાતપણું-:**

પછાતપણાને પ્રોત્સાહિત કરવામાં આર્થિક પરિબળો મહત્વનો ભાગ ભજવે છે. મા-બાપની ગરીબ સ્થિતિને લીધે બાળક કુટુંબ માટે આવક-ઉત્પાદનનું સાધન થઈ જાય છે. તેથી પ્રાથમિક તબક્કે

જ એને શાળા છોડવી પડે છે. સામાજિક પછાતપણું મહદ અંશે ગરીબીનું પરિણામ છે. નાગરિકોના જે વર્ગો દુ:ખદ રીતે ગરીબ છે તેઓ આપોઆપ સામાજિક રીતે પછાત થઈ જાય છે. તેઓ સમાજમાં મોભો ભોગવી શકતા નથી અને તેથી પછાતમાં સ્થાન મેળવીને સંતોષ મેળવવાનો રહે છે. વંશપરંપરાગત વ્યવસાય અને સમૂહમાં વ્યવસાય કરવાના વલણને વળગી રહેતાં કેટલાંક જૂથો અથવા કામોનો ઉલ્લેખ કરી શકાય કે મોટા ભાગે તેઓ ચીલાચાલુ પદ્ધતિ ને વળગી રહે છે. પરિણામે એમનાં કામનાં સાધનો કે ટેકનિકમાં કોઈ સુધારણા થતી નથી અને તેથી તેમની કમાણીમાં પણ કોઈ વધારો થતો નથી. જીવનનિર્વાહનાં પૂરતાં સાધનો પૂરાં પાડવાની શક્તિ ધ્યાનમાં લીધા સિવાય જૂથના સભ્યો એક વ્યયસાયમાં ઝંપલાવે છે. દા.ત. રબારી અથવા ભરવાડ, પશુ ઉછેર અને દૂધ વેચવાનો વ્યવસાય કરે છે પણ તેઓ તેમાં કદી આધુનિક પદ્ધતિ દાખલ કરવાનું વિચારતા નથી. છરી-ચપ્પાની ધાર કાઢીને જીવનનિર્વાહ કરતા સરાણિયાનું પણ. ઉદાહરણ આપી શકાય. આ પરંપરાગત વ્યવસાયથી તેઓ ગરીબી કક્ષાની આવક કરતાં પણ ઓછી આવક મેળવે છે છતાં પણ વધુ કાર્યક્ષમ અને વધુ વળતર આપે એવી પદ્ધતિ અપનાવવાનું વિચારતા નથી. (ઓલ ઈન્ડિયા રિપોર્ટર -૧૯૬૩ – સર્વોચ્ચ અદાલત પા. ૬૪૯.)

શિક્ષણના અભાવે અથવા પછાતપણા માટેનાં અન્ય પરિબળોને કારણે ભારતમાં જે કમાણી કરવા માટે એક અગત્યનો વ્યવસાય છે. એ જાહેર સેવાઓમાં પછાત જ્ઞાતિઓનું ઘણું ઓછું પ્રતિનિધિત્વ છે. સાંસ્કૃતિક ભૂમિકા અને પર્યાપ્ત વાતાવરણના અભાવે આ જ્ઞાતિઓ વિકાસ માટેની તકોથી વંચિત રહી ગઈ છે અને ઉચ્ચ કામગીરી મેળવવામાં બીજી વિકસિત ગણાતી જ્ઞાતિઓ સાથે સ્પર્ધા કરી શકતી નથી.

આર્થિક માપદંડ ના આધારે જોઈએ તો EWS ના લોકો ૮ લાખ, OBC માટે ૪.૩૦ લાખ અને SC માટે ૨.૫૦ લાખ આવક મર્યાદા નક્કી કરવામાં આવી છે. જે સમૂહો પહેલેથી જ પછાત છે, તેમની આવક માં કોઈ સુધારો વધારો કરવામાં આવ્યો નથી, આર્થિક રીતે પણ ઘણો તફાવત જોવા મળે છે. આ રીતે તો નિમ્ન અને પછાત સમૂહ વધુને વધુ પછાત બનતો જશે. જેથી આ બાબતે વિચારવું રહ્યું.

- **આઈ.પી .દેસાઈએ આપેલ પછાતપણાનો માપદંડ-:**

ડૉ. આઈ. પી. દેસાઈએ સામાજિક અને શૈક્ષણિક પછાતપણું નક્કી કરવા માટે ગુજરાત સરકારે નિમેલ રાણે પંચના સભ્ય હતા. એમ.એસ. યુનિવર્સીટી વડોદરામાં સમાજશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અને સુરતમાં સેન્ટર ફોર રીજિનલ ડેવલોપમેન્ટ સ્ટડી (સંશોધન સંસ્થા)ની સ્થાપના કરી. એક વિદ્વાન પ્રોફેસર અને સમાજચિંતક આઈ. પી. દેસાઈનો પછાતપણા અંગેના વિચારો 1982માં રજૂ કરેલ છે.

ભારતીય બંધારણ આદર્શ સમાજની જે રચના કરવા માંગે છે. તેમાં પછાતપણાનો પ્રશ્ન નહી હોય અને બધા વિકાસની કૂચમાં બધાજ લોકો સરખે હિસ્સે સહભાગી હશે. આનો અર્થ બધાનો વિકાસ એક સરખો હશે કે થસે તે સંદર્ભમાં લેવાનો નથી. બધાને વિકાસની તકો સરખા પ્રમાણમા મળશે, પછી લોકો પોતાની ક્ષમતા મુજબ ઓછો કે વધારે વિકાસ કરશે. સમાજશાસ્ત્રીય રીતે જોઈએ તો જન્મના

દરજ્જા આધારિત (જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય વગેરે) અસમાનતા ઓછી થશે. માત્ર જ્ઞાતિ જ પછાતપણાના આધાર તરીકે લઈ તેને આધારે જ જો અનામતની જોગવાઈ કરીએ તો જે અર્પિત દરજ્જા આધારિત અસમાનતા બંધારણને તોડવી છે તે મજબૂત થાય છે. આવી વાત સર્વપ્રથમ વાર ભારતીય સમાજશાસ્ત્રમાં આઈ. પી. દેસાઈએ કરીને ઘણા વમળો સર્જ્યા છે. તેમને જ્યારે આ વિચાર રજુ કર્યો ત્યારે ઘણી બધી દલીલો પણ ચાલી.

❖ **પછાત પણાનો આધાર :જ્ઞાતિ?**

કોઈપણ સામાજિક સમૂહ કે જૂથનું પછાતપણું (અહી સામાજિક પછાતપણું સામાજિક અને શૈક્ષણિક અર્થમાં. જે રીતે બક્ષીપંચ અને મંડલપંચે શબ્દનો ઉપયોગ કર્યો છે તે અર્થમાં ગણેલ છે, જેને અંગ્રેજીમાં ટૂંકમાં SEBC કહે છે. સરળતા ખાતર આપણે પછાતપણું શબ્દ આ અર્થમાં વાપરીશું) ગણવા માટેનું 'જ્ઞાતિનું' એકમ માપદંડ તરીકે રાખવું જોઈએ કે નહી? હકીકતો આધારિત અવલોકન એ તે પર રચાયો જ્ઞાનના આધારે તેમાં (જ્ઞાતિને માપદંડ તરીકે ગણવાના અભિપ્રાયોમાં) સુધારો વિચારી શકાય કે? સામાજિક અને શૈક્ષણિક પછાતપણાના ચાલુ આરોપોનું મહત્વ જે વિસ્તારોમાં વિવિધ જ્ઞાતિઓમાં અને કોમોમાં ગતિશીલતાની ચળવળો થઈશે તેમાં, જે વિસ્તારોમા આવી ચળવળ નથી થઈ તેના કરતાં ભિન્ન હોઈ શકે。(MSO- 03 ભારતીય સમાજશાસ્ત્ર - BAOU, પેજ.નં-36)

પછાતપણાનો માપદંડ ખરેખર હિંદુ સમાજ રચનાની વિશિષ્ટતા સમા સુધરેલા અને પછાતવર્ગો વચ્ચેના તફાવતના મૂળમાં ઊંડા ઊતરવાથી જ હાથ લાગી શકે. આ દૃષ્ટિએ જોતાં, જે બીજાં સામાજિક જૂથ પર વર્ચસ્વ અને સત્તા સાથેનો ઉચ્ચ સામાજિક દરજ્જો ભોગવતા હોય; જેમની પાસે સંપત્તિ હોય અથવા જેઓ શિક્ષણ મેળવવા જેટલા સાધનસંપન્ન હોય; જે સરકારી નોકરીઓમાં અથવા વેપાર, વાણિજય અને ઉદ્યોગોમાં સત્તાસ્થાને વિરાજતા હોય; અને જેઓ પોતાના હાથ નીચે લોકોના મોટા ભાગને રોકી શકતા હોય; એવા તમામને સુધરેલા તરીકે ગણવા જોઈએ. બીજી બાજુ, નાના જમીનમાલિકો, ખેતમજુરો અને જમીનવિહોણા કામદારો, પશુપાલન કરનારા અને ઘેટાં ઉછેરનારાઓ, નાના વેપારીઓ, વણકરો અને કારીગરો તથા બીજા આવકવાળા વ્યવસાયમાં રોકાયેલા, હજામો, ધોબી, ઘરકામ અને બીજાં હલકાં કામ કરનારાઓ, શિકાર કરી પેટ ભરનારાઓ તે નસીબ જોનારાઓને પછાતવર્ગોની કોટીમાં મૂકવા જોઈ એ. આ ઉપરાંત પછાતપણું નક્કી કરવા માટે બીજી બાબતો પણ ધ્યાનમાં લેવી જોઈ એ. દાખલા તરીકે સંસ્કૃતિનાં મુખ્ય કેન્દ્રોથી દૂર ગ્રામીણ અને દુર્ગમ વિસ્તારોમાં રહેતા હોય, અને આધુનિક સગવડો વગર યાતનાઓ ભોગવતા હોય, વગેરે. (પછાતવર્ગો વિશે બે મનનો પેજ. નં- ૬૦)

જ્ઞાતિપ્રથા ભારતના સામાજિક માળખાનું અનન્ય લક્ષણ છે. જરૂરિયાત અનુસાર ચાર વર્ણોમાં વહેંચાયેલો સમાજ ઐતિહાસિક પરિબળોને પરિણામે સ્થિર અને અપ્રગતિશીલ વ્યવસ્થામાં પરિણમ્યો. તેમાં સામાજિક નિષેધ અને કોટિક્રમ પ્રવેશ્યા. આ સામાજિક કોટિક્રમના કારણે અરસપરસના સંબંધોની મોકળાશ અને ગતિશીલતા લગભગ નહીંવત્ થઈ ગયાં અને તેને લીધે સામાજિક સ્તરરચના પરિણમી. પરંતુ માત્ર જ્ઞાતિ પરથી પછાતપણું નક્કી થઈ શકે નહીં. જ્ઞાતિ એ પછાતપણું નક્કી કરવામાં

સંબંધિત પરિબળ હોઈ શકે, પણ તે બાબત પર કદાપિ વધુ ભાર મૂકવો ન જોઈએ. આખરે પછાતપણું એ કેટલાંય કારણોનું પરિણામ છે. જડ રિવાજો, પરંપરા, વર્ગપ્રણાલિકા વગેરેનાં પરિણામરૂપ આ સાપેક્ષ શબ્દ પ્રયોગ છે. સવૈધાનિક દ્રષ્ટીએ જોતા જ્ઞાતિ, જાતી, ધર્મ વગેરે પર આધારિત ભેદભાવ સંવિધાનના ઉદેશ ની તેમ જ કલમ ૧૪, ૧૫, અને ૧૬ માં જાહેર કરેલ સિદ્ધાંતોની વિરુદ્ધ છે.

- **બિનહિંદૂ કોમોમાં પછાતપણાનો પ્રશ્ન-:**

ખ્રિસ્તી અને મુસલમાન કોમેમાં પછાતપણાનો પ્રશ્ન વિચારવાનું સરળ નહોતું. આ સંપ્રદાયો જ્ઞાતિને માનતા નથી. તેમ છતાં એમનામાં કેટલાંક જૂથો ખૂબ પછાત માલૂમ પડયાં હતાં. દક્ષિણ હિંદમાં ધર્માંતર કરી ખ્રિસ્તી થયેલા અનુસૂચિત જ્ઞાતિના લોકો સામાન્ય રીતે પછાત જણાયા હતા, અને તેમને બાકીના ખ્રિસ્તી કોમના સભ્યો સાથે મુક્ત સામાજિક વ્યવહાર નહતો. મુસલમાનોમાં પિંજારા, મોમીન, કસાઈ, ખ્રિસ્તી, ફકીર, લેમ્બે, મોપલા અને બીજા ઘણા લોકો પછાત હોવાનું જણાયું હતું. (પછાતવર્ગો વિશે બે મનનો પેજ. નં- ૬૦)

- **પછાતવર્ગમાં સ્ત્રીઓ -:**

સ્ત્રીઓના પછાતપણાના પ્રશ્ને બીજી મુશ્કેલી ઊભી કરી. એક જૂથ તરીકે વિચાર કરીએ તો સ્ત્રીઓ, ખાસ કરીને પછાતવર્ગની સ્ત્રી, સામાન્ય રીતે પછાત છે. તેમ છતાં એમને એક અલગ કામ તરીકે ગણવી એ બરાબર નથી. પછાતવર્ગનું શોષણ અટકાવવાનાં પગલાં

પછાતવર્ગના મોટાભાગના લોકો ભોળા, અભણ અને ગરીબ છે. અન્ય વર્ગના લોકો એમનું સહેલાઈ થી શોષણ કરી શકે છે. એટલું જ નહીં પણ એ લોકો જે વસ્તુનું ઉત્પાદન કરે છે. તેના બદલા જેટલી કિંમત પણ એમને નથી મળતી. દેશનો વેપાર-ધંધો માટે ભાગે સુધરેલા વર્ગોના હાથમાં છે. એમનામાંથી કેટલાક તે અભણ ખેડૂત કે ગરીબ કારીગર પોતાના માલ લઈ બજારમાં આવે છે ત્યારે તેને ફોલી ખાય છે. શાહુકાર અને ગામના સરકારી માણસો પણ આ લોકનું શોષણ કરે છે.

પછાતવર્ગાને આ શોષણમાંથી ઉગારવાનાં પગલાં લેવાં એ એમની આર્થિક સ્થિતિ સુધારવા માટે ખૂબ જ આવશ્યક છે. નજીવી બાબતમાં પણ કોર્ટે ચઢવાની વૃત્તિ ગામડાંના સમાજમાં છેલ્લાં પચીસ વર્ષથી ઘર કરી બેઠી છે. કોર્ટ-દાવા પાછળ ધૂમ ખર્ચ કરવાથી ઘણી કોમો બરબાદ થઈ છે. આ દુષણ એટલું બધું વ્યાપી ગયું છે કે લગભગ દરેક કામમાં એક પક્ષ સામા પક્ષ તરફ ઘૂરકતો હાય છે. આ દૂષણો દૂર કરવા સત્વરે પગલાં ભરવાની જરૂર છે.

પછાત વર્ગોની સમસ્યા એ ખરું જોતા ગ્રામીણ ભારતની સમસ્યા છે. આમ જનતાની પછાતદશા અને કારમી ગરીબી મહ્દઅંશે બે સદીઓના વિદેશી અમલને આભારી છે. ગામડાંના સૈકા જૂના અર્થતંત્ર પર કારમો હુમલો થવાથી ગ્રામજીવન ઝડપથી ખોરવાઈ ગયું. અંગ્રેજોએ અખત્યાર કરેલી શૈક્ષણિક અને ઔદ્યોગિક નીતિને પરિણામે મોટે ભાગે ઉપલા વર્ગોના તમામ શક્તિશાળી માણસો શહેરી વિસ્તાર અને સરકારી નોકરી તરફ ખેંચાયા. એક વખત પુર બહારમાં ચાલતા ગ્રામોદ્યોગો અને હુન્નરો મિલો અને કારખાનાંની તથા આયાત થયેલી વિદેશી ચીજોની બેફામ હરીફાઈઓથી, વેરવિખેર થઈ ગયા. પરિણામે કારીગરોએ તેમનો કમાઉ વ્યવસાય ગુમાવ્યો, એટલું જ

નહીં પણ વારસાગત તાલીમ, કૌશલ્ય અને સંસ્કાર પણુ પણ ગુમાવ્યાં, અને તેઓ પછાતપણા અને નિરાશામાં ધકેલાયા. ખેતી-સુધારણા માટે, જળસિંચનની સગવડો વધારવા માટે અથવા યોગ્ય ધોરણે વિદ્યુતશક્તિ વધારવા માટે કોઈ અસરકારક પગલાં લેવાયાં નહીં. ખનિજ સાધનોનો પૂરતો લાભ લેવાયો નહીં. વાહનવ્યવહારનાં સાધનો પૂરતા પ્રમાણમાં વિકસાવવામાં આવ્યાં નહીં. છેલ્લા ચાર-પાંચ દશકામાં કંઈક ઔદ્યોગિક વિકાસ થયો છે. અને તે સાથે શહેરીકરણ અને વેપારવિસ્તાર થયા છે. ગામડાંની સ્થાનિક પ્રતિભા અને નેતાગીરીના ભોગે મોટાં શહેરો અને નગર ખીલ્યાં છે. પરંતુ ગામડાંને ફરીથી ચેતના અને પ્રવૃત્તિનાં કેન્દ્રો બનાવવાં હશે તો શહેરી વિસ્તારો તરફ થતા સ્થળાંતરનો પ્રવાહ હવે પલટાવવો પડશે. (પછાતવર્ગો વિશે બે મનનો-પેજ.નં - ૭૧, ૭૨)

❖ **પછાતપણું નક્કી કરવા માટેની મુખ્ય બાબતો -:**

ભારતના બંધારણમાં પ્રજાના નબળા વિભાગને ખાસ રક્ષણની ખાતરી આપવાની અને સામાજિક તથા શૈક્ષણિક રીતે પછાત એવા વર્ગો માટે અનામત જગ્યાઓ રાખવાની જોગવાઈઓ છે. વિવિધ સમાજોને સામાજિક ન્યાય આપવાની જરૂરિયાત વિશે પણ બંધારણમાં ભાર મૂકવામાં આવ્યો છે. તે ઉપરાંત, અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનામતપણાનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે અને ભારતભરમાં તેનો અમલ થઈ રહ્યો છે. દક્ષિણ હિંદનાં કેટલાંક રાજ્યોમાં અને મુંબઈમાં પછાતવર્ગો માટે અનામતપણું ઘણાં વર્ષથી અમલમાં છે. આથી અન્ય પછાતવર્ગો પણ દેશના કારભારમાં પોતાને યોગ્ય હિસ્સો મળે એવી આકાંક્ષા સેવે એ કેવળ સ્વાભાવિક છે. પ્રતિનિધિત્વનો એમનો દાવો ઉત્તર હિન્દનાં ઘણાંખરાં રાજ્યોમાં અમલી થઈ ગયો છે. એટલે સરકારી નોકરીઓમાં પછાતવર્ગોના ઉમેદવારોને સારી સંખ્યામાં દાખલ નહીં કરવામાં આવે તો એ નોકરીઓમાં વિશ્વાસ પેદા નહીં થાય. રાજ્યે સ્વીકારેલી નવી કર્તવ્યભૂમિકામાં આમવર્ગનો વિશ્વાસ મેળવવાનું એટલું બધું જરૂરી છે કે જો એમ નહીં કરવામાં આવે તો વહીવટી તંત્ર કલ્યાણરાજ્યની નીતિને અમલમાં મૂકવાનું સાધન બની શકશે નહીં. એટલે પછાતવર્ગોની તમામ કોમોના પૂરતા પ્રતિનિધિત્વ માટેના દાવાની લાંબા વખત સુધી ઉપેક્ષા કરવાનું હવે શકય નથી. (પછાતવર્ગો વિશે બે મનનો, પેજ.નં-૧૬૬).

ભારતીય સમાજમાં અનામત વ્યવસ્થાને આધારે પછાત જ્ઞાતિઓને સમાન સ્તરે લાવવાનાં પ્રયત્નો કરવામાં આવે છે. આ સંદર્ભમાં, એ પણ સાચું છે કે "દરેક વ્યક્તિ હંમેશા કોઈને કોઈ સ્વરૂપે અનામતનો ઉપયોગ કરે છે, પરંતુ અનામત શબ્દનો ઉપયોગ વિશેષ અર્થમાં કરવામાં આવ્યો છે, જે અહીં સમાજના પછાત વર્ગોના ઉત્થાનની નીતિનો ઉલ્લેખ કરે છે." (પ્રસાદ અનિરુદ્ધ: 1990). ભારતીય સમાજમાં અનામતનો લાભ લેનારા સાથે એક પ્રકારનો અણગમો રાખવામાં આવે છે. અનામત શબ્દને વધુ વિસ્તૃત પરિભાષિત કરતા ઉપેન્દ્ર બક્ષી તેમના વ્યાખ્યાન અનુસૂચિત જાતિ અને સામાજિક પરિવર્તન માટે રાજકીય ન્યાય અને કાયદાકીય અનામત (Political Justice and Legislative Reservation for Scheduled Castes and Social Change - The Ambedkar Memorial Lecture)માં જણાવે છે કે, "રક્ષણાત્મક ભેદભાવ, સાંકેતિક ભેદભાવ, રક્ષણાત્મક ભેદભાવ, હકારાત્મક ભેદભાવ,

સામાજિક પસંદગી, વગેરે જેવા અનેક શબ્દોમાંથી ભારત અને વિદેશમાં અનામત શબ્દનો ઉપયોગ થાય છે. જેને અલગ અલગ નામો અને અટકોથી ઓળખવામાં આવે છે. છે. પરંતુ શબ્દ ગમે તે હોય, ભારત, અમેરિકા કે અન્ય દેશોમાં લાગણી સમાન છે. પરંતુ હજુ પણ અનામત અને હકારાત્મક ભેદભાવ વધુ લોકપ્રિય છે." (Bakshi: 1978).

## ❖ નિષ્કર્ષ-:

ભારતીય સમાજમાં અનેકવિધ સમૂહો વસવાટ કરે છે. સમાજ સતત પ્રગતિશીલ છે. પરંતુ સમાજમાં જે જુદા જુદા નિમ્ન અને પછાત સમૂહો વસવાટ કરશે છે. તેઓ સામાજિક, આર્થિક કે શૈક્ષણિક રીતે હાલમાં પણ પછાત છે. પછાતપણું દુર કરવા માટે સરકારશ્રી દ્વારા અનેકવિધ લાભો અને સુવિધાઓ આપવા છતાં. જે છેવાડાના અને પછાત સમૂહો છે તે આ સુવિધાઓ અને લાભોથી હાલમાં પણ વંચિત છે. આવા નિમ્ન અને પછાત સમૂહો કે જેમનો વિકાસ હજુ સુધી થયો નથી, તેવા સમૂહોની યાદી તૈયાર કરી જરૂરી લાભો આપવા જોઈએ જેથી કરીને તેવો પણ વિકસિત દિશા તરફ જઈ શકે. પછાતપણું નક્કી કરવાના માપદંડો પણ બદલવા જોઈએ. આવક, વ્યવસાયિક આવક, જમીન, મિલકત તેમજ અન્ય ભૌતિક સંપતિને ધ્યાનમાં રાખીને  પછાતપણું નક્કી કરવું જોઈએ. સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ આવક મર્યાદા બબાતે પણ ગંભીર રીતે વિચારીને પછાત સમૂહોના હિતને ધ્યાનમાં રાખીને જરૂરી સુધારા વધારા કરવા જોઈએ જેથી કરીને પછાત સમૂહોના પ્રશ્નો દૂર થઈ શકે. વર્તમાન સમયમાં પછાતપણાના ખ્યાલને બદલવો ખુબજ જરૂરી છે. જરૂરી સુવિધાઓથી જે સમુદાય વંચિત રહી ગયેલો છે. તેમના વિકાસ માટે સરકાર દ્વારા ખાસ પ્રકારના પગલાં હાથ ધરવા જોઈએ. તો જ નિમ્ન અને પછાત સમૂહોનો વિકાસ થઈ શકશે. હવે એ જોવું રહ્યું કે સરકાર આ સમૂહોના વિકાસ માટે કેવા પ્રકારના પ્રયત્નો કરી રહી છે.

## ❖ સંદર્ભસુચિ-:


1. Dhruye G. S. (April-June. 2015) Theoretical Approach to Reservation System. Int. J. Rev. & Res. Social Sci. 3(2):; Page 70-74
2. Upendra Bakshi (1978) Political Justice and Legislative Reservation for Schedule Caste and Social Change (The Ambedkar Memorial Lecture), p. – 41
3. Ambedkar B.R.‘ (1947) State and Minorities’, Bombay, pp. .40-39
4. નાયક ઠા .ભા .અને સોલંકી સિદ્ધરાજ‘ ,(1979) પછાતવર્ગો વિશે બે મનનો ,’ગૂજરાત વિદ્યાપીઠ ,અમદાવાદ
5. ઓલ ઈન્ડિયા રિપોર્ટર 1963 - – સર્વોચ્ચ અદાલત પા .649
6. 3 –MSO ભારતીય સમાજશાસ્ત્ર‘ - આઈ.પી.દેસાઈ ’ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ https://baou.edu.in/assets/pdf/MSO-03_slm.pdf
7. એકમ – 16 અન્ય પછાતવર્ગો માટે નિમાયેલ પંચ :બક્ષીપંચ ,માંડલપંચ ,અન્ય પછાતવર્ગો માટે અનામત નીતિ અને વિકાસ – 309 –TYBA  ,(2022) સામાજિક કલ્યાણ અને કાનૂનીકરણ – 2 –Block  ,વંચિત સમૂહો માટેની કલ્યાણકારી નીતિઓ ,ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ https://drive.google.com/file/d/1O1Myg9lv8V4FD0WkoT9EcR4O8oN1PyrW/view?usp=share_link
8. https://dictionary.cambridge.org/dictionary/english/backwardness \
9. https://sje.gujarat.gov.in/gbcdc/assets/downloads/Cast_SEBC_List.pdf